સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ઝગડો માંહેમાંહે, સંપ, જેવું કંઇ રહ્યું છે ક્યાં?
હતી ખાનગી પેઢી, પક્ષ, જેવું કંઇ રહ્યું છે ક્યાં?
આ, બહુમતિમાં બોલવા જેવું કંઇ રહ્યું છે ક્યાં?
સંસદમાં હવે વિરોધ - જેવું કંઇ રહ્યું છે ક્યાં?
(વિરોધપક્ષના 'નેતા'ની શી જરૂર?!)

હાઇકુ

નાપાક સેના -
ચમત્કાર વગર,
માનસે નહીં..
(તગેડી મૂકો!!)

મૂકી છે છૂટ!
ખાઉં, ખાવા દઉં માં -
માત્ર ઉદ્યોગો..
(ભ્રષ્ટાચાર નહી ચલાવાય)

ચિંતન

શોક સ્થાન સહસ્રાણિ ભય સ્થાન શતાનિ ચ । દિવસે દિવસે મૂઢમા વિશન્તિ ન પંડિતમ્ ॥

દરરોજ અવનવા ભયના વિચારો અને શોકના પ્રસંગો હજારો આવશે એવા હજારો-સેંકડો ચિંતાજનક વિચારો અને બાબતોથી અજ્ઞાની માણસ સતત દુખી રહે છે.

પરંતુ જ્ઞાની અને વિચારવંત માણસને કદી દુખ અને ભયની ચિંતા સતાવતી નથી એનું તટસ્થ મક્કમ મનોબળ બધા પ્રસંગ શાંતિ અને ધીરજ અનુભવે છે.

જેને ઇશ્વર પર સંપૂર્ણ શ્રદ્ધા વિશ્વાસ હોય એ વિધિ-વિધાતા-કર્મફળને સારી રીતે સમજે છે તેથી તે સંપૂર્ણ ધીરજથી દુખ-ભયનો શાંતિથી સ્વીકાર કરી ભોગવી લે છે.

જ્યારે અજ્ઞાની માણસની અધીરતા અને બધું જ કંઇ બને એમાં બીજાને દોષ આપવાની વૃત્તિથી દુખ વધે છે. અજ્ઞાનીની આંખ સદાય બીજા પર દોષારોપણ કરે છે નશીબ અને ભગવાન પણ એ છોડતાં નથી - અને દુખ-ભયથી થાકી-હારી નિરાશ થઇ જાય છે.

સુવિચાર

- ધરતી એના ખોદનાર ને પાણી આપે છે તો આપણે તો છીએ, આપણું 'ખોદે' તેને આપણે પ્રેમ આપીએ **- અમૃત બિંદુ**
- બોલીને જીતનાર કરતાં બોલીને પાયમાલ થનારાની સંખ્યા ઘણી મોટી છે **- એસ. ભટ્ટાચાર્ય**
- ભીતરની અનંત શાંતિ પામવા માટે બાહ્ય અનુકૂળ પરિસ્થિતિ નહીં પણ આંતરિક પરિવર્તન જરૂરી છે **- ઝેન કથન**
- સાચો સંબંધ વરસાદ જેવો નથી હોતો કે જે આવે અને જતો રહે... સાચો સંબંધ તો પવન જેવો હોય છે જે દેખાતો નથી પણ હંમેશા તમારી આસપાસ જ રહે છે **- મુનિ ચંદ્રવિજયજી**
- 'સમજદારી' એ સમજદારની એક અદાકારી છે, જે સમજે એ જ જાણે કે, આતો એક તરફી ખુલવાવાળી બારી છે **- જનકલ્યાણ**
- શત્રુઓને હણી નાખનાર 'શત્રુઘ્ન', અને જેના મનમાં કોઇનાંય પ્રત્યે શત્રુતાનો ભાવ પેદા ન થાય તે 'અજાતશત્રુ' **- ધર્મસૂત્ર**
- મીઠાઇમાં જે સ્થાન સાકરનું છે, ફરસાણમાં જે સ્થાન નમકનું છે, કુટુંબમાં તેટલી જ મહત્તા ધરાવતું સ્થાન 'સંવેદનશીલતા'નું છે **- રાજચંદ્ર**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

મહાત્મા ગાંધીજીને 'સત્યવાદી હરિશ્ચંદ્ર' ફિલ્મ દ્વારા 'સત્ય'ની પ્રેરણાને બળ મળ્યું, એવા અનેક સંત-નેતાઓ છે જેને કોઇ ગુરૂ-માતા પુસ્તક દ્વારા આત્મબળ મળ્યું હોય છે.

સિકંદરના દરબારમાં એક સૈનિક અધિકારી આવ્યો, અને સુવર્ણ જડિત હીરા-મોતીથી મઢેલ, અદ્‌ભૂત નકસીદાર પેટી સિકંદરને ભેટ આપી.

સિકંદરને આ મૂલ્યવાન પેટી ખૂબ જ ગમી ગઇ. પણ સાથે મનમાં એક મૂંઝવણ ઉભી થઇ આ નાની પેટીમાં હું રાખું શું? દરબારીઓને જાહેરમાં પ્રશ્ન પૂછ્યો આ પેટીમાં શું મૂકવામાં આવે, જેથી તેની યથાર્થતા ઠરે? કોઇએ હીરામાણેક, ખાનગી દસ્તાવેજ, પ્રેમપત્રો - એવા જુદા જુદા જવાબ આપ્યા...

સિકંદરે પોતાના અંતરાત્માને પુછ્યું. અંતરાત્મા કહે - તને વિશ્વમાં જે વિજય મળ્યા. કીર્તિ મળી પરાક્રમ કર્યા તે બધાની પ્રેરણા તને એક પુસ્તકમાંથી મળી છે એ 'પુસ્તક' જ તારા માટે ખૂબ કિંમતી અને મહત્ત્વનું છે.'

સિકંદરે તરત આદેશ આપ્યો. મહાકવિ હોમરનું મહાકાવ્ય 'ઇલિયડ' લાવો - એ પુસ્તક જ મારું પ્રેરણા સ્રોત છે અને આ પેટીમાં મૂકવા પાત્ર છે.

Email - sureshchandrabhatt18@gmail.com

કઇ પ્રથમ મહિલા ચેસ ખેલાડીને પદ્મશ્રીથી નવાજવામાં આવી હતી?

એવોર્ડઝ પારિતોષિક

(૧) રેમન મેગ્સેસ પુરસ્કાર કયા દેશ દ્વારા આપવામાં આવે છે?
(અ) અમેરિકા (બ) ફ્રાન્સ
(ક) ફિલિપાઇન્સ (ડ) ઇંગ્લેન્ડ

(૨) કઇ પ્રથમ મહિલા ચેસ ખેલાડીને પદ્મશ્રીથી નવાજવામાં આવી હતી?
(અ) યોગિતા બાસુ (બ) કિરણ ગુપ્તા
(ક) અનુપમા અભ્યંકર (ડ) સુલોચના દત્ત

(૩) આંતર યુનિવર્સિટીની રમત સ્પર્ધામાં વિજેતાને કઇ ટ્રોફી એનાયત કરવામાં આવી છે?
(અ) મૌલાના આઝાદ ટ્રોફી (બ) મહાવીર ટ્રોફી
(ક) રણજીત ટ્રોફી (ડ) રાજીવ ગાંધી ટ્રોફી

(૪) ૨૦૧૦માં યોજાયેલ વિશ્વ કુસ્તી ચેમ્પિયનશીપમાં કયા ભારતીય કુસ્તીબાજે ગોલ્ડ મેડલ જીત્યો?
(અ) વિજેન્દ્રકુમાર (બ) સુરેન્દ્રપાલ
(ક) સુશીલકુમાર (ડ) આશિષ કુમાર

(૫) મેગ્સેસ પુરસ્કાર કયા ક્ષેત્રની ઉત્તમ કામગીરી માટે અપાય છે?
(અ) વિજ્ઞાન (બ) સમાજસેવા
(ક) સાહિત્ય (ડ) શૈક્ષણિક સેવા

(૬) ૨૦૧૩નું નેશનલ વેઇટલીફટીંગ ચેમ્પીયનશીપનું ટાઇટલ જીતનાર મહિલા કોણ હતા?
(અ) અમનપ્રીત કૌર (બ) બીનીતા દેવી
(ક) કરનામ માલેશ્વર (ડ) મનપ્રીત કૌર

(૭) આગાખન કપ કઇ રમત સાથે સંબંધિત છે?
(અ) ક્રિકેટ (બ) હોકી
(ક) વોલીબેન (ડ) ફૂટબોલ

(૮) સુબ્રતો કપ કઇ રમત માટે અપાય છે?
(અ) હોકી (બ) વોલીબોલ
(ક) ફૂટબોલ (ડ) બાસ્કેટબોલ

(૯) ડૉ. આંબેડકર રાષ્ટ્રીય એવોર્ડ કયા ક્ષેત્ર માટે અપાય છે?
(અ) દલિત સાહિત્ય (બ) દલિત જાગૃતિ
(ક) સાક્ષરતા અભિયાન (ડ) દલિત કલ્યાણ સેવાઓ

(૧૦) 'કાલિદાસ સન્માન' એવોર્ડ કયા ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન માટે અપાય છે?
(અ) રંગમંચલક્ષી કલા (બ) શાસ્ત્રીય સંગીત
(ક) જાહેર સેવા (ડ) સંસ્કૃત સાહિત્ય

(૧૧) જગતનો સૌથી મોટી રકમ એનાયત કરતો એવોર્ડ કયો છે?
(અ) નોબલ પ્રાઇઝ (બ) ટેમ્પલટન પ્રાઇઝ
(ક) પુલિત્ઝર પ્રાઇઝ (ડ) યુનેસ્કો પ્રાઇઝ

(૧૨) માર્ટિન લ્યૂથરકિંગ પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે?
(અ) શાંતિ (બ) સાહિત્ય
(ક) રમતગમત (ડ) પર્યાવરણ

(૧૩) ભારતરત્ન મેળવનાર પ્રથમ મહિલા કોણ હતા?
(અ) મધર ટેરેસા (બ) ઇન્દિરા ગાંધી
(ક) આશાપૂર્ણા દેવી (ડ) સરોજીની નાયડૂ

(૧૪) આમર્ત્યસેનને ભારત સરકારે કયા સર્વોચ્ચ એવોર્ડથી સન્માન્યા છે?
(અ) પદ્મભૂષણ (બ) ભારતરત્ન
(ક) ઇન્દિરા ગાંધી (ડ) પદ્મશ્રી

(૧૫) અર્જુન એવોર્ડ પ્રાપ્ત કરનાર પ્રથમ રમતવીર કોણ હતા?
(અ) કિરમાણી (બ) સુનિલ ગાવસ્કર
(ક) સલીમ દુરાણી (ડ) સી.કે. નાયડુ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૨૨ ઓગ.૧૯૨૦ ડેન્ટોન એ. કુલે - તેઓ અમેરિકન સર્જન અને હાર્ટ ટ્રાન્સ પ્લાન્ટના પાયોનીયર વૈજ્ઞાનિક
- ૨૨ ઓગ. ૧૯૧૫ જેમ્સ હિલીયર, કેનેડીય-અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક, ઇલેક્ટ્રોન માઇક્રોસ્કોપના શોધક.
- ૨૩ ઓગ. ૧૯૩૩ રોબર્ટ એફ કુર્લ અમેરિકન કેમીસ્ટ, કાર્બન કલ્સ્ટર પર સંશોધન કરનાર વૈજ્ઞાનિક
- ૨૩ ઓગ. ૧૯૩૧ હિમલ્ટન ઓથેનલ સ્મિથ - અમેરિકન માઇક્રોબાયલોજીસ્ટ, ૧૯૭૮માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૨૪ ઓગ. ૧૮૯૮ એલબર્ટ ક્લ્યુડ, બેલ્જિયમ-અમેરિકન કાયટોલોજીસ્ટ,. ૧૯૭૪માં નોબલ પારિતોષિક વિજેતા.
- ૨૪ ઓગ. ૧૯૮૪ રૂડોલ્ફ ઓસ્કર રોબર્ટ વિલિયમ્સ જૈજર જર્મન માઇક્રોબાયોલોજીસ્ટ
- ૨૫ ઓગ. ૧૯૧૬ ફેડરીક ચેપમેન રોબીન્સ - અમેરિકન બાળરોગ નિષ્ણાત અને વાયલોરોજીસ્ટ ૧૯૫૪માં નોબલ પારિતોષિક વિજેતા
- ૨૫ ઓગ. ૧૯૦૦ સર હેન્સ એડોલ્ફ ક્રેબ્સ - જર્મન-બ્રિટીસ બાયોકેમીકસ્ટ, ૧૯૫૩માં રસાયણ શાસ્ત્રનું નોબલ પારિતોષિક વિજેતા
- ૨૬ ઓગ. ૧૯૫૧ એડવર્ડ રિટન - અમેરિકન ગણિત-ભૌતિક વિજ્ઞાની, ફિલ્ડ મેડલ વિજેતા
- ૨૬ ઓગ. ૧૯૦૬ અલ્બર્ટ બ્રુસ સાબિન - પોલિશ-અમેરિકન ફીજીશીયન અને માઇક્રોબાયોલોજીસ્ટ
- ૨૭ઓગ. ૧૯૧૫ નોર્મન રામસેય - અમેરિકન ભૌતિકશાસ્ત્રી ૧૯૮૯માં નોબલ પારિતોષિક વિજેતા
- ૨૭ઓગ. ૧૮૯૯ ઇડયુરાડો ટોરોજા - સ્પેનીશ એન્જીનીયર કોન્ક્રીટ - સેલ સ્ટ્રકચરના ડિઝાઇનર
- ૨૮ ઓગ. ૧૯૧૯ સર ગોડફ્રેચ ન્યૂબોલ્ડ હોન્ડસફીલ્ડ - ઇંગ્લીશ ઇલેક્ટ્રીકલર એન્જીનીયર, ૧૯૭૯માં પારિતોષિક વિજેતા
- ૨૮ ઓગ. ૧૯૦૮ રોઝર ટ્રોય પેટરશન - અમેરીકન ઓર્થીયો લોજીસ્ટ અને પ્રકૃતિવિદ

ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com



ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - બિહારના મુખ્યમંત્રીનું નામ શું છે?
જવાબ - જીતનરામ માંઝી

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) મહેશ. એમ. જાદવ : સે-૩૦
(૩) નટુભાઇ દરજી : પેથાપુર
(૪) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૫) આરતી દોશી - સે-૩૦, બ્લોક નં. ૨૦/૧
(૬) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭
(૭) જયેન્દ્ર એન. પાઠક : જુનિ. ઇન્ફો. સાયન્સ કોલેજ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

હરિશ રાવત કયા રાજયના મુખ્યમંત્રી છે?
ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

(૧)અ (૨)બ (૩)અ (૪)ક (૫)બ (૬)ડ (૭)ડ (૮)ક (૯)ડ (૧૦)અ (૧૧)બ (૧૨) અ (૧૩)બ (૧૪)બ (૧૫)ક

સોય દોરા ગોત્યા, કાતર ગોતી, બંને છેડે કવર થાય એવું કાપડ પણ ગોત્યું, આમ કરવાનું બીજું એ પણ કારણ હતું કે નાનપણમાં, મારા પૂ. બા. સિવણશિક્ષિકા હતા ત્યારે તેમને ઘણીવાર હાથસિલાઇ કે મશીન સિલાઇ ઉપર સિવવામાં મદદ કરતો, બને ત્યાં સુધી સીધી સિલાઇ કરવાની હોય તેવી જ મારી વૃત્તિ રહેતી

નાની અમથી વાત

(હાસ્ય વ્યંગ)

ટેભો

લે. ભગદેવ ભટ્ટ 'હાસ્યાયન'

ઘરકામના થોડીઘણી મદદ કરવી એ દરેક પતિદેવોની ફરજ છે. એ ન્યાયે મને પણ થતું હતું કે કાંઇ ઘરકામમાં મદદ કરું. છેવટે આસનપટ્ટા ઉપર નજર ઠરી. જેમ કોઇ યુવકની કોઇ યુવતિ ઉપર ઠરે એમ. તમને થશે કે કાંઇ નહિ ને આસનપટ્ટા ઉપર નજર ઠરી? પણ શું થાય? એ આસનપટ્ટાને કારણે હું તથા મારો પૌત્ર વિશેષ ઘરમાં જ ગડથોલીયું ખાઇ ગયા હતા. કારણ એટલું જ કે આસન પટ્ટાના બંને છેડેથી દોરાધાગા નીકળવા માંડેલા અને ત્યાં જ બે મોટા બાંખા પણ પડી ગયેલા જેમાં અમારા પગ ભરાયેલા, અને ગડથોલીયુ ખાધેલ. પછી તો નિશ્ચય કરેલો કે આને કાપકૂપ કરી સાંધવું પડશે.

આ બધું કરવા પુરી તૈયારી કરી. સોય દોરા ગોત્યા, કાતર ગોતી, બંને છેડે કવર થાય એવું કાપડ પણ ગોત્યું. આમ કરવાનું બીજું એ પણ કારણ હતું કે નાનપણમાં, મારા પૂ. બા. સિવણશિક્ષિકા હતા ત્યારે તેમને ઘણીવાર હાથસિલાઇ કે મશીન સિલાઇ ઉપર સિવવામાં મદદ કરતો. બને ત્યાં સુધી સીધી સિલાઇ કરવાની હોય તેવી જ મારી વૃત્તિ રહેતી.

બસ પછી તો લુંગી પહેરીને જમાવી દીધી. પહેલા તો આસનપટ્ટાના રૂંછડા બોદરાવી દીધા. પછી બાંખા (કાણા)વાળો ભાગ દૂર કર્યો. પટ્ટાની પહોળાઇ જેટલું કાપડ પણ માપીને કાપ્યું. દોરો પરોવવામાં ખૂબ વાર લાગી. ઉંમરને કારણે આંખો નબળી પડી છે એ સાબિત થયું. માળુ બેટુ જેટલીવાર સોયને ડાબા હાથની બે આંગળીથી પકડીને દોરાનો છેડો, પહેલા અમને એમ પછી થૂંકવાળો કરીને પછી સોયના નાકા આગળ લઇ જઇને એટલીવાર એમ જ લાગે, સાવ પાતળા તાંતણા નાકામાંથી પસાર થઇ ગયા છે અને બીજી બાજુથી જ્યાં પકડીને ખેંચવા જઇએ એ પહેલાં તો દોરો સોયના નાકાથી આઘો જતો રહ્યો હોય. આવું તો પાંચેક વાર થયું. ઘડીક તો એમ થયું કે આવડી આને હથોડીથી ટીપી નાખવી જોઇએ! નબળી આંખોને કારણે દાઝ બધી સોય ઉપર નીકળે! છ્‌ઠ્ઠીવારે માંડ દોરો પરોવાયો. એય તે દોરાને છેડાને દાંતથી દબાવીને ખેંચીને ચપટો કર્યો ત્યારે મેળ પડ્યો.

પછી ટેભાની શરૂઆત કરી. જલદી જલદી અને મોટી મોટી ફાંટ લેવાનું શરૂ કર્યું. નાનપણનો થોડો મહાવરો કામ લાગ્યો ખરો. એક છેડાનું પત્યું. બીજા છેડાનો વારો આવ્યો ત્યાં પરાણી પુરી થઇ. એટલે વળી પાછી સોયમાં દોરો પરોવવાની પીંજામણ શરૂ. પછી તો ત્રીજા ઘડાકે જ પરોવાઇ ગઇ અને બીજા છેડાનેય કપડાનું કવર કરીને ફાંટ લેવાનું શરૂ કર્યું. એટલામાં શ્રીમતી તેમના ઘરકામમાંથી ફારેગ થઇ સામે બેઠા અને બોલ્યાય તે, 'અરે વાહ... આ જ તો આસનીયાનો ઉધ્ધાર થઇ ગયો ને શું!' 'બસ બીજો છેડોય પૂરો કર્યો.' એટલામાં ચારપાંચ ડાંસલા જેવા મોટા મકોડા આજુબાજુ આવ્યા. એટલે તેમને બેઠાબેઠા જ રૂમાલમાં પકડીને ઉભો થ્યો ત્યારે કાતર, સોય વગેરે હેઠુ પડ્યું, પણ આસનીયું પડ્યું નહિ અને હું તો મકોડા કરડે નહિ એના ધ્યાનમાં હતો. તેમને બધોન તો બારી બહાર ફેંકી દીધા. ત્યાં શ્રીમતીજી બોલ્યા, 'અહિ ઓરા આવો તો, 'તેમની પાસે ગયો તો આસનીયું તેમણે ખેચ્યું, પણ ખેંચાય તો ને! ઇ ભેગા બોલ્યા, 'મોટે ઉપાડે સારૂ કરવા ગ્યા પણ સાવ એવા ને એવા જ રયા. જુઓ જરા આ તમારી લુંગીય આસનીયા ભેગી સિવાઇ ગઇ છે.'

નવી મમ્મીએ મને કહ્યું હતું, તું તોફાન બંધ કર નહિતર તને ખાવાનું નહિ આપું અને આ મમ્મી કેટલું સાચું બોલી છે આજે ત્રણ દિવસ થયા એણે હજુ મને ખાવાનું નથી આપ્યું, હવે તમે જ કહો આ નવી મમ્મી સાચી છે કે નહિ?

નવી મમ્મી

- લક્ષ્મી વાઘવાની (નિરંકારી)

આઠ વર્ષના એક છોકરાની મમ્મી મરી ગઇ. છોકરાનું નામ સોનું. એને બીજા ભાઇ-બહેન નહોતા. આથી, સોનુના ઉછેર માટે એના પપ્પાએ લોકોના સમજાવ્યા પ્રમાણે બીજા લગ્ન કર્યા. એના પપ્પા થોડા સમય સુધી તો નવી પત્ની સાથે વ્યસ્ત રહેતા. ધીમે ધીમે સમય વીતતો ગયો.

એમ કરતા આશરે લગ્નના છ એક મહિના પછી સોનુની મમ્મી બહાર જતા સોનુના પપ્પાએ પ્રેમથી સોનુને બોલાવ્યો. એના માથે હાથ ફેરવીને પુછ્યું, બેટા, નવી મમ્મી અને જુની મમ્મીમાં કોઇ ફેર તો નથી ને? નવી મમ્મી જુની મમ્મી જેવી છે ને? સોનુએ જવાબ આપ્યો, 'પપ્પા, નવી મમ્મી સાચું જ બોલે છે જ્યારે જુની મમ્મી હમેશાં ખોટું/જૂઠું બોલતી હતી. સોનુના પપ્પા એકદમ સ્તબ્ધ થઇ ગયા. સોનું કેમ આવું બોલતો હશે? એ તો એની મમ્મી સાથે ખૂબ ટાવેયો હતો. થોડો ગુસ્સો ય આવ્યો પણ ગુસ્સો પી જઇને તેમણે ફરી પ્રેમથી પુછ્યું, કેમ આવું બોલે છે બેટા, જુની મમ્મી તો તને કેટલો પ્રેમ કરતી હતી? સોનુંએ કહ્યું, મેં ક્યાં કીધું એ પ્રેમ નહોતી કરતી. મેં તો ફક્ત એટલું જ કહ્યું એ ખોટું બોલતી હતી. કહું કઇ રીતે? હું જ્યારે પણ તોફાન મસ્તી કરતો ત્યારે જુની મમ્મી મને લડીને કહેતી હતી તું મસ્તી બંધ કર નહિતર હું તને ખાવાનું નહિ આપું, ચોકલેટ પણ નહીં આપું, પણ હું મસ્તી બંધ નહોતો કરતો અને ભાગી જતો હતો તો મમ્મી મને પકડવા મારી પાછળ પડતી અને મને પકડીને લાવતી હતી, હું ખોટેખોટું રીસાઇ જતો તો મને મનાવી લેતી અને પ્રેમથી પાસે બેસાડીને પોતાના હાથે જમાડતી અને ચોકલેટ પણ આપતી હતી. આમ, ના પાડીને પણ તે મને બધું જ પરાણે આપતી હતી જ્યારે આ નવી મમ્મીએ મને કહ્યું હતું, તું તોફાન બંધ કર નહિતર તને ખાવાનું નહિ આપું અને આ મમ્મી કેટલું સાચું બોલી છે આજે ત્રણ દિવસ થયા એણે હજુ મને ખાવાનું નથી આપ્યું. હવે તમે જ કહો આ નવી મમ્મી સાચી છે કે નહિ?

સ્વાભાવિકપણે જ પિતાની આંખમાં અશ્રુધારા વહેવા લાગી અને માની ફરજ પોતે નિભાવીને પુત્રને પોતાના ભાગનું જે ખાવાનું હતું તે પોતાને હાથે ખવડાવ્યું. કહેવાય છે કે 'મા તે મા, બીજા બધા વગડાના વા', 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ'. પણ શું એ માત્ર સગી મા એટલે કે જન્મદાત્રી મા માટે જ કહેવત બની હશે? જો કે મને લાગે છે બધી જ ઓરમાન માતા આવી તો નહિ જ હોય. અરે, એ ઓરમાન મા ભલે મા ન બની હોય પણ એ ય કોઇ માની દીકરી/બાળક તો હોય છે જ ને?

પરિવર્તનનો સ્વીકાર એ જ ધર્મ

When you're finished changing, you're finished.
- Benjamin Franklin

(બદલતા અટકી જાવ છો, ત્યારે તમે ખતમ થઇ જાવ છો.)

નિરંતર બદલાતા રહેવું એનું નામ જીવન. સતત થતાં રહેલાં અગણિત પરિવર્તનોથી આ વિશ્વ રળિયામણું છે, ભાતીગળ છે અને રહસ્યમય પણ. પરિવર્તનની સાથે રહી સ્વયં બદલાતા રહેવું એ જીવંત હોવાની નિશાની છે. જીવવું અને જીવંત હોવું એ બેયમાં ફરક છે. બદલાવને સહજતાથી સ્વીકારી પોતે પણ બદલાતાં રહેવું તે જીવંતતા. આજે જીવે છે સૌ કોઇ, પણ જીવંત કહી શકીએ એવી વ્યક્તિઓ થોડી હોય છે.

સમય પસાર થાય તેની સાથે શરીર વૃદ્ધ બનતું જાય છે. વૃદ્ધ થવા સાથે ભાવના અને વિચારોમાં પણ બદલાવ થતો રહે તે જરૂરી છે. બદલાવનું વલણ ન ધરાવતા હોય એની ઉંમર વધે છે તેની સાથે એમનામાં પરિપક્વતા આવતી નથી. એવી વ્યક્તિઓ નિર્જીવતાની નજીક હોય છે. ભલે એમનું હૃદય ધબકતું હોય તોપણ. પથ્થરની મૂર્તિ નિર્જીવ હોય છે, કેમ કે એનામાં બદલાવાની શક્યતાઓ નથી હોતી. કોઇ માન્યતાને ઝનૂનપૂર્વક વળગી રહેવું એમાં પરિવર્તનનો સ્વીકાર છે, જડતા છે એમાં. પોતાના અભિપ્રાયને કદીયે નહીં બદલવાની દુરાગ્રહ રાખવાના કારણે સમયના વહેણથી અલગ થઇ જવાય છે.

અક્ષયપાત્ર

- બકુલ દવે

માન્યતાના ઝાંખરામાં ફસાઇને તરવાનું અટકી જાય છે. આવું બને ત્યારે સમય આગળ વહી જાય છે અને માણસ પાછળ રહી જાય છે.

બદલાતા રહેવું એ પ્રકૃતિનો નિયમ છે. વહેતા રહેવું - પરિવર્તન પામતા રહેવું એ આસ્તિકતા છે. એ જ પ્રકૃતિની - ઇશ્વરની પૂજા છે. મંદિરમાં ન જવાય તોપણ શું? બદલાતી જતી વ્યક્તિ માટે મૃત્યુ એ જ જીવનનો અંત નથી, પણ પરિવર્તનનો એક હિસ્સો છે. એના માટે મૃત્યુ પૂર્ણવિરામ નહીં પણ અલ્પવિરામ છે. સિંધુમાંથી અલગ થઇ બિંદુ થઇ ફરી સિંધુમાં ભળવું જન્મ પામતાં પામતાં પરિમાર્જિત થતાં જવું તે મુક્તિ ભણીની ગતિ છે.

બદલાતા રહેવામાં સ્વીકૃતિ છે અને તંભી જવામાં અસ્વીકૃતિ. ઓશો રજનીશે કહ્યું છે : 'સ્વીકૃતિમાં મુક્તિ છે અને અસ્વીકૃતિમાં બંધન.' એટલે જેમનું વલણ નકારાત્મક હોય છે તે અનુકૂલન સાધી શકતા નથી. તેઓ હંમેશા પોતાની અંદર પોતાને કેદ કરી બેઠા હોય છે. વાસ્તવમાં પરિવર્તન દ્વારા અન્યનો સ્વીકાર કરી આપણને અન્ય દ્વારા પોતાનો સ્વીકાર થાય તેવી ભૂમિકા ઊભી કરતાં હોઇએ છીએ. એનાથી ઊલટું અસ્વીકૃતિમાં સ્વયંને બાંધવા સાથે આપણે અન્યને બાંધતા હોઇએ છીએ. કોઇ પોતાના વિચાર અન્ય પર લાદે ત્યારે એ પોતાની સાથે અન્યને પણ બાંધવાની ફરજ પાડે છે. સૂર્ય ક્ષણે ક્ષણે હાઇડ્રોજનનું હિલીયમમાં રૂપાંતર કરતો વિશ્વને અજવાળતો રહે છે. પૃથ્વી અવિરત ઘૂમતી રહે છે. ઋતુઓનું પરિવર્તન થતું રહે છે. વૃક્ષો અને આકાશ પણ ગઇ કાલે હતાં તે આજે નથી. પહાડો પર બરફ પીગળતો રહે છે. નદીનો પ્રવાહ સતત બદલાતો રહે છે. સમુદ્ર પણ એ નથી જે ગઇ ક્ષણે હતો. આ બધા સાથે સ્વયં પરિવર્તનશીલ રહેવું એ જ મનુષ્યત્વ છે.

પરિવર્તનનો સ્વીકાર એ જ ધર્મ છે અને ધાર્મિકતા પણ એ ધર્મને અનુસરવાનું ચૂકી જવાશે તો માણસનું અસ્તિત્વ જોખમમાં મુકાશે તે નક્કી.

અને છેલ્લે :

નવીનતા ન હુકરાતો, નવીનતા પ્રાણપોષક છે.
જુઓ, કુદરત તરફથી શ્વાસ પણ જૂના નથી મળતા
- મરીઝ